## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હું લોકલ ભલે રહી... પણ તમારું વોકલ... કીટ કીટ જરાય ચલાવી નહીં લઉં...!

# ડેનિશ જળ અને પાણી પુરવઠા વચ્ચે સહકાર અંગે એમઓયુ

ગુજરાતમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે નવા યુગની સાથેસાથે તકનીકી વિનિમય, તાલીમ અને ક્ષમતા નિર્માણમાં રોકાણ અને જ્ઞાનની આપ લે માટેના દ્વાર ખોલવા માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (જી.ડબલ્યુ.એસ.એસ.બી)એ જળ ક્ષેત્રમાં સહકાર પ્રતિબદ્ધતા અંગે ઓનલાઈન ઈન્ટરએકટીવ પ્લેટફોર્મ દ્વારા સમજૂતી પત્ર હસ્તાક્ષર કરાયા હતા.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને ડેનિશ જળ મંચ વચ્ચે સહકાર અંગે MOU સંપન્ન થયા બાદ મંત્રી બાવળિયાએ જણાવ્યું હતુ કે, આ MOU થકી રાજ્યમાં નવા યુગની શરૂઆતની સાથે તકનીકી વિનિમય તાલીમ અને ક્ષમતા નિર્માણમાં રોકાણસાથે જ્ઞાનની આપ-લે માટે નવા દ્વાર ખુલશે એવો મને દ્રઢ વિશ્વાસ છે. એમ.ઓ.યુનો મુખ્ય હેતુ ડેનિશ વોટર ફોરમ અને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની વચ્ચે પાણી પુરવઠા, પાણી વિતરણ, ગંદા પાણીના શુદ્ધીકરણ ગટર વ્યવસ્થાઓ, ગંદા પાણીના રીયુઝ અને પાણીના વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં પરસ્પર ફાયદાકારક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

આ એમ.ઓ.યુનો મુખ્ય હેતુ સંયુક્તપણે ગુજરાતમાં ઈન્ડો-ડેનિશ જળ ટેકનોલોજી એલાયન્સ (આઈ.ડી.ડબલ્યુ.ટી.એ)ની સ્થાપના અને શુદ્ધ પાણી અને સ્વચ્છતા અંગે સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-૬માં ફાળો આપવાનો છે તથા એમ.ઓ.યુનો સમયગાળો ૫ વર્ષનો નિયત કરાયો છે.



શિક્ષણ ફી માફી અંગે આમ આદમી પાર્ટીએ આંદોલન શરૂ કર્યું છે. શાળાઓ શરૂ થઈ ન હોવાથી ફીમાં રાહત આપવાની માંગ વાલી મંડળો કરી રહ્યા છે. વાલી મંડળોને સાથ આપી ફી મુદ્દે આમ આદમી પાર્ટીએ પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે. બાબા સાહેબ આંબેડકરના પુતળા પાસે ઉપવાસ પર ઉતરેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

### સીએમ હાઉસમાં પ્યુનમાં હોવાનું કહીને

# નોકરી અપાવવાના બહાને ભાઈ બહેનની જોડીએ ૩૫ લાખ ખંખેર્યા

ગાંધીનગર, તા.૨૯

શહેરના સચિવાલયમાં ડેપ્યુટી સેકશન ઓફિસરની સરકાર નોકરીની લાલચ આપી સેકટર-૨૧ ના વેપારી પાસેથી ઠગ ભાઈ-બહેનની બેલડીએ રૂ.૩૫ લાખ પડાવી લીધા છે. ત્યારબાદ વધુ રૂપીયા માંગતા વેપારીએ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે છટકું ગોઠવી બીજા રૂપીયા લેવા માટે આવતા પોલીસે સચિવાલય ગેટ નં-૧ પાસેથી ઠગ ભાઈ-બહેનને રંગેહાથ પકડી પાડ્યા હતા.

મળતી વિગત મુજબ વિષ્ણુભાઈ રણછોડભાઈ પ્રજાપતિ (રહે. પ્લોટ નં.૫૬૧-૨ મહાવીર સોસાયટી સે-૨૧, મુળ રહે. બોરીજ ગામ રબારી વાસ) સેકટર-૧૬ ખાતે ફાસ્ટફુડની દુકાન ચલાવે છે. તે પહેલા તેઓ સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે અગાઉ કરીયાણાની દુકાન ચલાવતા હતા. તે સમયે તેમની પાસે કરીયાણુ લેવા માટે આવતા જયોત્સનાબેન ઉર્ફે શારદાબેન કાન્તીભાઈ વાઘેલા (ઉં.૪૫ રહે. મ.નં.૯૨ સંજરી પાર્ક પેથાપુર) પરિચયમાં આવ્યા હતા. ત્યારબાદ જયોત્સનાબેન વાઘેલાએ પોતે સીએમ હાઉસ ખાતે પટાવાળામાં નોકરી કરતા હોવાનું જણાવ્યું હતું. જેથી વિષ્ણુભાઈને કોઈને સરકારી નોકરી જોઈતી હોય તો સંપર્ક કરજો તેમ જણાવ્યું હતું. જેથી વિષ્ણુભાઈએ પોતાની દિકરી અને ભત્રીજી માટે





ડીવાયએસઓની નોકરી અંગે વાત કરી હતી. ૩ જુનના રોજ મહિલાએ ફરીયાદીને રૂ.૭ હજાર લઈને સચિવાલય ગેટ નં-૧ પાસે બોલાવ્યા હતા. તે સમયે મહિલાએ ફરીયાદીને ફોન પર પોતાના ભાઈ ભરત ગણેશ પુરબીયા (રહે.માણોદ વઢવાણ) સાથે વાત કરાવી હતી. જેમાં તેણે પી. બી. ઝાલા નામે સચિવાલય ખાતે ફરજ બજાવતો હોવાનું કહીને ફરીયાદીને વિશ્વાસમાં લઈને શારદાબેન જેમ કહે તેમ કરો તમારી બંને છોકરીઓનું નોકરી માટે ગોઠવાઈ જશે. ત્યાબાદ ફરીયાદીએ તા.૩ જુનથી ૧૮ સપ્ટેમ્બર સુધીમાં જ ટુકડે ટુકડે રૂ.૩૫ લાખ ખંખેરી લીધા હતા. આટલા રૂપીયા આપવા છતા વિષ્ણુભાઈએ દિકરી અને ભત્રીજીના નોકરીનો ઓર્ડર અંગે પુછતાછ કરતા જયોત્સનાબેને તા.૨૮ સપ્ટેમ્બરના રોજ વધુ રૂ.૩.૧૦ લાખ માંગ્યા હતા. જેથી ફરીયાદની શંકા જતા તેમણે સમગ્ર મામલે પોલીસને જાણ કરી હતી. પોલીસે બંન્ને ઝડપીને સેકટર-૭ પોલીસ મથકમાં છેતરપિંડી વિશ્વાસનો ગુનો દાખલ કર્યો હતો. સમગ્ર કેમમાં પોલીસને શંકા છે કે ભાઈ બહેન મળીને અન્ય નાગરીકોને પણ છેંતરપિંડીનો ભોગ બનાવ્યા હોઈ શકે છે. આવા સંજોગોમાં કોઈની પણ સાથે છેતરપિંડી થઈ હોય તો પોલીસને જાણ કરવા જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્ય વિધાનસભાની ૮ બેઠકોની પેટા-ચૂંટણી જાહેર થતાં આજે સચિવાલયના મુલાકાતીઓમાં વધારો જોવા મળ્યો હતો.
- પેટા-ચૂંટણીને પગલે આજે પૂર્વ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, બ્રિજેશ મેરજા સહિતના આગેવાનો સચિવાલયમાં આવ્યા હતા. તેમણે પેટા-ચૂંટણીમાં ભાજપનો વિજય થશે તેવુ છાતી ઠોકીને કહ્યુ હતુ.
- માણસા તા.પં.માં વધુ એક કર્મચારી સંક્રમિત થયાનું બહાર આવ્યુ છે.
- રાજ્ય સરકારના પંચાયત વિભાગે આજે તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમ્યાન આંતરિક માર્ગોને થયેલ નુકશાનને લઈ તેની દુરસ્તીનું કામ તંત્ર દ્વારા હાથ ધરાયુ છે.
- ગાંધીનગર શહેરના ક્રિકેટ રસિકોમાં આઈ.પી.એલ.ની મેચો છવાયેલી જોવા મળી રહી છે.

# પેટા-ચૂંટણીઓ પંચની આદર્શ આચારસંહિતા તેમજ માર્ગદર્શક સૂચનાઓની મર્યાદામાં રહીને લડાશે

### ઉમેદવારોની પસંદગી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડનું કામ છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં પેટા-ચૂંટણી ચૂંટણી પંચની આદર્શ આચારસંહિતાના અમલ અને કોરોના સંદર્ભે બહાર પડાયેલી ગાઈડલાઈનની મર્યાદામાં રહીને લડાશે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ કે પંચે નિર્ણય ચૂંટણી યોજવાનો કર્યો છે તેને આવકારીએ છીએ. પંચની તમામ માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવામાં આવશે.

આ પેટા-ચૂંટણીમાં ભાજપનો વિજય થશે તેવા પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે કોરોનાની વૈશ્વિક મહામારીના કપરાકાળમાં તંત્ર અને તેમનો પક્ષ પ્રજાની પડખે રહ્યો છે. અમે પ્રજાને તકલીફ ના પડે તેની આર્થિક સ્થિતિ ઝડપથી પૂર્વવત બને તે માટે લોકડાઉન દરમ્યાન અને લોકડાઉન પછી પણ વિવિધ યોજનાઓ સરકારે જાહેર કરી છે.

છેલ્લા પચ્ચીસ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. અમે વડાપ્રધાન મોદીના સૂત્ર મુજબ ''સૌનો સાથ સૌનો વિકાસ'' મંત્રને અમારો પ્રેરણાસ્ત્રોત ગણી તે દિશામાં કામ કર્યુ છે અને કરતા રહીશુ. અમે સર્વાંગી વિકાસના કામો ક્યાંય અટકાવ્યા નથી એટલુ જ નહિ કોરોનામાં પણ લોકોને રાહત મળે તેવા અનેકવિધ પગલાં લીધા જ છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે પક્ષનું પાર્લામેન્ટરી બોર્ડ ઉમેદવારોની પસંદગી માટેની કામગીરી કરી રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડને મોકલશે અને ત્યાંથી ઉમેદવારોની યાદી જાહેર થશે.

આત્મ નિર્ભર ગુજરાત, મહિલા ઉત્કર્ષ યોજના, સાત પગલાં ખેડૂત કલ્યાણ જેવી યોજનાઓ પ્રજા સુધી પહોંચી છે અને ગુજરાતની ગાડી પુનઃ તેના પાટા પર ચડી જશે એટલુ જ નહિ વિકાસમાં અગ્રેસર બની રહેશે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ઈ-ટેન્ડર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૦-૨૧**
**આઈ.ડી. નં. ૪૨૮૧૬૦**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી જી-૨ પાણી પુરવઠા યોજનાના લાભોર મુખ્ય હેડવર્કસ ખાતે રીપેરીંગની કામગીરીના કામની અંદાજીત કિંમત રૂ. ૧૨,૬૨,૨૮૩.૯૫ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૧૨/૧૦/૨૦૨૦ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦ માહિતી/૯૮૩/૨૦-૨૧



સત્યમેવ જયતે ગુજરાત સરકાર NAFED



# ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો નિર્ણય



ટેકાના ભાવે મગફળીની ખરીદી

**રજીસ્ટ્રેશન તારીખ ૧.૧૦.૨૦૨૦ થી ૨૦.૧૦.૨૦૨૦**

**મગફળીનો ટેકાનો ભાવ**

**₹.૫૨૭૫/-** પ્રતિ ક્વિન્ટલ

**₹.૧૦૫૫/-** પ્રતિ મણ

દરેક ગામના ઈ-ગ્રામ કેન્દ્ર તથા એ.પી.એમ.સી. ખાતે વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.



**ઈ-ગ્રામ કેન્દ્ર તથા એ.પી.એમ.સી. પર નોંધણી સમયે સાથે લાવવાના પુરાવા**

- પ્રમાણિત કરેલ આધારકાર્ડની નકલ
- બેંકનો કેન્સલ કરેલ ચેક/પાસબુકના પ્રથમ પાનાની નકલ
- ગામ નમુના નંબર ૭ તથા ૧૨નો ઉતારો
- ગામ નમુના નંબર ૮-અ નો ઉતારો
- તલાટીનો વાવેતરનો દાખલો

**મગફળીની ખરીદીનો તા.૨૧.૧૦.૨૦૨૦ થી શુભારંભ**

**માસ્ક પહેરો, સામાજિક અંતર જાળવો, સુરક્ષિત રહો**
**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગુજરાત સરકાર | હેલ્પલાઈન નં. : ૮૫૧૧૧૭૧૭૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ ફોન, SMS એસએમએસ દ્વારા સંપર્ક કરી શકાશે | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ, ગુજરાત સરકાર